## સલામી સવારની..



સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*વાઈબ્રંટ વાજાંમાં અન્તાની પીપુડી કોણ સાંભળે?*
*ડીજેના ડખામાં હજારેની તુતુડી કોણ સાંભળે?*
*ગાંઠે ન 'સુપ્રીમ' ને ત્યાં સાંભળે કોણ લોકપાલનું!*
*રફાલની ઘરઘરાટીમાં સીસોટી કોણ સાંભળે?*

હાઈકુ

*ફરી બિચારા!*
*ઉતારશે વજન -*
*અન્ના હજારે...*

*- દાણી-બાણીની*
*સૂણે મનની વાત -*
*બહેરા કાને...*

### ચિંતન

*દુ:ખાના મૌષધં નિર્વાણમ્ ।*

**ઉપરોક્ત સૂત્ર 'ચાણક્યસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.**

**દુ:ખોની ઔષધિ નિર્વાણ છે.**

**મનુષ્ય જ નહિ, બધા જ જીવાત્માઓ સંપૂર્ણપણે સુખી નથી. બધા જ કોઈને કોઈ ઉપાધિઓથી ઘેરાયેલા હોય છે. માત્ર મોક્ષ મળવાથી (નિર્વાણ પામવાથી) જ આ ચકરાવામાંથી મુક્ત બની શકાય છે.**

**દુ:ખી - રોગી - વ્યસનીથી કરી સંત સાધુઓને પણ કોઈને કોઈ પ્રકારની પીડા બિમારી રોગ-ચિંતા હોય છે જ.**

**વિલાસી આત્માને અધમ પ્રકારની ઈચ્છા-વાસના હોય છે તો સાધુ સંતોને મુક્તિની ચિંતા હોય છે.**

**મોક્ષ-નિર્માણ થયા પછી જ બધી જ ચિંતાઓમાંથી મુક્ત મળે છે.**

### સુવિચાર

- મન્નત કે ધાગે બાંધો યા મુરાદોં કી પર્ચી, વો દેગા તભી જબ હોગી ઉસકી મર્જી - **વિજય સોલંકી**
- જે જાત સાથે જુઠું બોલે છે આડંબર કરે તે કયારેય ફિલોસોફર ના બની શકે - **બી.કે. શિવાની**
- જીવનમાં દુ:ખ અને અશાંતિ હોય તો સમજવું કે મન ખોટી દિશામાં છે, આ દિશાને બદલી દેશો તો દશા આપોઆપ બદલાઈ જશે - **ક્રિષ્નકાંત ઉનડકટ**
- મન બગડેલું ના હોય, વાણી બગડેલી ના હોય, વર્તન બગડેલું ના હોય, એ પરમ વિનય - **આપ્તસૂત્ર**
- પોતાની નિષ્ઠા અને સત્યતા જેટલી હોય તેટલો સંસાર ફળે - **બોધિવૃક્ષ**
- પુણ્યના આધારે તમારો પુરુષાર્થ નફો લાવે ને પુણ્ય પરવારે તો એ પુરુષાર્થ ખોટ લાવે છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : ગાજર ને કચરીને ઘઉંના લોટમાં મેળવી ફોલ્લા ઉપર અથવા બળતરા વાળા ભાગ પર બાંધવાથી તરત રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર કલકત્તાની પ્રખ્યાત ફોર્ટ વિલિયમ કૉલેજમાં પ્રોફેશર હતા. આ કૉલેજના નામના એવી હતી કે તેમાં અભ્યાસ કરવા આવનાર મોટા ભાગના ઈંગ્લેન્ડથી આવતા. અને આ કૉલેજમાંથી પાસ થનાર ને અંગ્રેજ શાસનમાં તરત જ સારી જગ્યાએ નોકરી મળી જતી હતી.

એ કૉલેજમાં નોકરી મેળવવી પણ મુશ્કેલ હતી. એ કૉલેજના પ્રિન્સિપાલ પણ અંગ્રેજ હતા. એકવાર પરિક્ષાના પેપર તપાસતા પહેલા પ્રિન્સિપાલે ઈશ્વરચંદ્રને રૂબરૂ મળવા બોલાવ્યા અને કહ્યું, 'આ પેપર તપાસતાં પહેલા એટલું ધ્યાન રાખવાનું છે. કોઈ વિદ્યાર્થી નાપાસ ન થવો જોઈએ. જો નાપાસ થાય તો એને ઈંગ્લેન્ડથી ભારત આવીને ભણવાનો ખર્ચ માથે પડે અને એને નોકરી પણ મળે નહીં. એ સ્થિતિમાં તેમે પાછા ઈંગ્લેન્ડ જતા રહેવું પડે.'

ઈશ્વરચંદ્ર એ જવાબ આપતા કહ્યું, પણ સાહેબ, જે વિદ્યાર્થી પાસ થવા લાયક જ ન હોય, એને હું કેવી રીતે કરી શકું ? એમ કરું તો મેં મારી પ્રામાણિકતા ગુમાવી કહેવાય.'

પ્રિન્સિપાલે કહ્યું, 'મહાશય જો તમે આવું વિચારશો તો તમારે નોકરી ગુમાવવી પડશે.'

ઈશ્વરચંદ્રએ કહ્યું, 'હું નોકરી છોડવા તૈયાર છું પણ પ્રામાણિકતા છોડવા તૈયાર નથી.'

પ્રિન્સિપાલે ઈશ્વરચંદ્રની વાત સામે નમતું જોખવું પડ્યું.

# રાજકારણમાં પ્રિયંકા પ્રવેશના લેખાજોખાં

તંત્રીસ્થાનેથી...

પુત્ર અને પુરુષપ્રધાન સંસ્કૃતિ ધરાવતા આપણા દેશમાં ઈટાલીમાં જન્મેલા અને ઊછરેલાં સોનિયા ગાંધીએ જયારે એમનાં બે પૈકી એક સંતાનને રાજકારણમાં વારસાઈ સોપવાની નોંબત આવી ત્યારે પસંદગી રાહુલ ગાંધી પર ઉતારી હતી. રાહુલ એમના પિતા રાજીવ ગાંધી જેવું સરળ અને નિર્દોષ વ્યક્તિત્વ ધરાવતા રાજકુમાર તરીકે જાણીતા હતા પરંતુ એમના પિતાની જેમ એમને રાજકારણના કળણમાં ફસાવાનું મને કમજે જ સ્વીકારવું પડ્યું હતું તે હકીકત હવે અજાણી નથી રહી. જો રાહુલ નરેન્દ્ર મોદી જેવું ડાઈનેમિક અને બહિર્મુખ વ્યક્તત્વ ધરાવતા હોત તો અત્યાર સુધીમાં એ ઘણા વહેલા પ્રસ્થાપિત થઈ ચૂકયા હોત. મલ્લિકાર્જુન ખડગેની જગ્યાએ લોકસભા કોંગ્રેસ પક્ષના નેતા બનતાં એમને કોઈ રોકે એમ નહોતું. અરે, ડૉ. મનમોહનસિંહની સરકારમાં તેઓ ધારેલું પદ પ્રાપ્ત કરી એક કેન્દ્રીય મંત્રી તરીકેનો અનુભવ પ્રાપ્ત કરી શક્યા હોત. ખુદ ઈંદિરા ગાંધીએ લાલબહાદુર શાસ્ત્રીની નેતાગીરી વાળી સરકારમાં માહિતી અને પ્રસારણમંત્રી તરીકે તાલીમ મેળવી હતી. રાહુલ ગાંધી ઠંડા અને શરમાળ હોઈ એવી તમામ તકો એમને જતી કરી હતી. રાહુલથી માંડ એક જ વરસ નાનાં પ્રિયંકાની પ્રતિમા પર કોંગ્રેસનો ઘણો મોટો વર્ગ મદાર માંડીને બેઠો હતો. 'ભૈયા' તો ઠીક, પણ આ દીદી જરૂર ખંડિયેર બની ગયેલી પાર્ટીની ઈમારતનો જીર્ણોદ્ધાર કરી શકે, એવી શ્રદ્ધા સાથે કાર્યકરોનાં ટોળાં ઉત્તરપ્રદેશમાંથી દિલ્હી દોડી આવતાં 'મૈયા' ને વિનંતી કરતાં કે હવે 'ભૈયાને' બદલે 'બિટિયા' ને મેદાનમાં ઉતારો તો કંઈક ભલીવાર દેખાય. મૈયા ભારે મૂંઝવણમાં હતા એમને તો પુત્રની તાજપોશી જ કરવી હતી એમાં 'બિટિયા' વ્યવધાનરૂપ બને તે કમ ચાલે ! આથી પ્રિયંકાને માત્ર ઉત્તરપ્રદેશની પરિવારની બે બેઠકો પૂરતાં પ્રચારક બનાવી દીધાં હતા. પ્રિયંકા વેળા સર રાજકારણમાં દાખલ થયાં હોત તો કેટલાં સફળ થઈ શક્યાં હોત તેનું અનુમાન લગાવવું અઘરું છે - કદાચ એમનાં પતિનાં કૌભાંડોને કારણે વગોવાઈ ગયાં હોત. પરંતુ કોંગ્રેસી કાર્યકરોથી લઈ અદના મતદાતા માટે પ્રિયંકા એ ઈંદિરા ગાંધીનો નવો અવતાર છે. એમનો ચહેરો ઈંદિરાજીને મળતો આવે છે. દેખાવડાં હોઈ જયાં જાય ત્યાં લોકોનાં ટોળાં ભેગાં કરી એમ છે. વકતૃત્વ શક્તિ મર્યાદિત હોવા છતાં જન સાધારણ એમના વ્યક્તિત્વથી આકર્ષાતા રહ્યાં છે, તે અમેઠી અને રાયબરેલીની બેઉ બેઠકોના મતદાતાઓએ પ્રમાણિત કર્યું છે. પ્રિયંકા ગાંધીને હુકમનો એક્કો કે ટ્રમ્પ કાર્ડ તરીકે કોંગ્રેસ હવે ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી પૂર્વે ઊતરે છે ત્યારે સ્વાભાવિક રીતે જ એનાં પરસ્પર વિરોધી અર્થઘટન થઈ શકે. મોદી કહે છે એમ ભાજપ સિવાયની પાર્ટીઓ માટે પરિવાર એ જ પાર્ટી છે - પછી તે કોંગ્રેસ હોય, સપા-બસપા હોય કે પીડીપી-તેલુગુ દેશમ અથવા ડીએમકે જેવી પાર્ટી હોય. વિપક્ષોના મહાગઠબંધન માટે પ્રિયંકા એક વિચારણીય મુદ્દો બની શકે એમ છે. હાંસિયે ધકેલાઈ ગયેલી કોંગ્રેસને માત્ર પારિવારિક બે બેઠકો પૂરતી મર્યાદિ લઈ સપા-બસપાએ ગઠબંધન જાહેર કર્યાં એથી કોંગ્રેસે પ્રિયંકા અને જયોતિરાદિત્ય સિંધિયાને ઉત્તરપ્રદેશની જવાબદારી સોંપીને વિચારતાં જરૂર કરી મૂક્યાં હશે. કોંગ્રેસનો વોટશૅર વધશે તો નુકશાન ગઠબંધનને જ થશે, જેથી ભાજપને હરાવવાનું સપનું રોળાઈ શકે છે. પ્રિયંકા એમનાં માતાની પરંપરાગત સીટ પર ઝુકાવી સંસદમાં પણ પ્રવેશે એવી શક્યતા છે. એટલું નક્કી છે કે તેઓ કેજરીવાલની જેમ મોદી સોમ વારાણસીમાં પંગો લેવાનું પસંદ નહીં જ કરે.

# દિલ જીતવાની જડીબુટ્ટી

રંગ-ઉમંગ
કાનન ઓઝા





જંગલી વિસ્તારમાં રહેતી એક સ્ત્રીને એના પતિ સાથે બહુ સારા સંબંધો નહોતા. એને હંમેશા એવું લાગતું કે એનો પતિ એને પ્રેમ કરતો નથી. એક દિવસ જંગલમાં રહેતા એક સંન્યાસી પાસે એ ગઈ અને સંન્યાસીને કહ્યું, 'મહારાજ, મારા પતિ મને પહેલા ખૂબ સારી રીતે રાખતા હતા. પણ છેલ્લા કેટલાક સમયથી મારા પ્રત્યેનો એમનો પ્રેમ નહિવત થઈ ગોય છે. એ પથ્થર જેવા જડ બની ગયા છે. મેં આપના વિષે ખૂબ સાંભળ્યું છે. આપ એવી કોઈ જડીબુટ્ટી આપો કે મારા પતિનો પ્રેમ પુન: પ્રાપ્ત થાય અને હું એને વશમાં કરી શકું.'

સંન્યાસીએ બધી જ વાત સાંભળ્યા પછી કહ્યું, 'બહેન હું આ માટે એક ખાસ દવા બનાવીને તને આપીશ પણ એ દવા બનાવવા માટે મારે વાઘની મૂછનો વાળ જોઈએ બોલ તું એ લાવી શકીશ?' જંગલમાં રહીને જે મોટી થયેલી આ સ્ત્રી શૂરવીર હતી. એટલે એણે તુરંત જ હા પાડી દીધી. બીજા દિવસે એ વાઘની શોધમાં નીકળી પડી. એક ગુફા પાસે એણે વાઘ જોયો એટલે એ હરખાઈ કે ચાલો વાઘ મળી ગયો. હવે એની મૂછ પણે મળી જશે.

જેવી એ વાઘ તરફ આગળ વદી કે વાઘે ત્રાડ પાડી અને પેલી સ્ત્રી ગભરાઈ દૂર ખસી ગઈ. દૂર ઊભા ઊભા એ વાઘને જોયા કરતી હતી પણ એની નજીક જવાની હિંમત ચાલતી નહોતી.

એ રોજ પેલી ગુફા પાસે જવા લાગી. કયારેક એ વાઘ માટે માંસ પણ લઈ જાય અને દૂર રાખી દે. સમય જતા બંનેને એકબીજાની હાજરી પસંદ પડવા લાગી. વાઘે પણ હવે તાડૂકવાનું બંદ કરી દીધું. એક દિવસ સ્ત્રી વાઘ પાસે પહોંચી જ ગી. અને વાઘ ના શરીર પર હાથ ફેરવવા લાગી. વાઘ કંઈ ન બોલ્યો એટલે ધીરે ધીરે એની મૂછનો એક વાળ ખેંચી લીધો. અને સંન્યાસીના હાથમાં વાઘનો વાળ આપીને કહ્યું, 'લ્યો મહારાજ આ વાઘનો વાળ અને હવે મારા પતિને વશ કરવાની જડીબુટ્ટી બનાવી આપો.' સંન્યાસી એ વાળને અગ્નિમાં નાખી દીધો. પેલી ગુસ્સામાં બોલી. 'તમે આ શું કર્યું? હું મહા મહેતને જડીબુટ્ટી બનાવવાને બદલે તમે એને સળગાવી દીધો.'

સંન્યાસી એ હસતા હસતા ઉત્તર આપ્યો. ''બહેન, તને હજુ ના સમજાયું. જો પ્રેમ અને ધીરજથી વાઘ જેવું હિંસક પ્રાણી પણ વશમાં થઈ જતું હોય તો પછી તારો પતિનો માણસ છે.'' આપણે લોકોને વશ કરવા ઈચ્છીએ છીએ પણ એની સાચી રીત અપનાવી નથી અને એટલે લોકોના પ્રેમ આપણે પ્રાપ્ત કરી શક્યા નથી. યાદ રાખજો પ્રેમ અને ધીરજ કઠણ-કાળજાના માણસોને પણ પીગળાવી દે છે.



# દુનિયામાં સૌથી ઓછી સીમા ધરાવતો દેશ કયો છે?

ખજાનો
અનિલ પટેલ



## વિશ્વની ભૂગોળ

૧ વિશ્વનું શહેર મેઝીક સીટી તરીકે ઓળખાય છે ?
(અ) મોસ્કો (બ) મોન્ટેકાર્લો
(ક) સેન્ચિાગો (ડ) રોમ

૨ અબૂજા કયા દેસની નવી રાજધાની છે ?
(અ) સોમાલિયા (બ) ઈથોપીયા
(ક) બૈરૂત (ડ) નાઈજીરિયા

૩ નીચેનામાંથી કયા દેશનો સમાવેશ 'હોર્ન ઓફ આફ્રિકા'માં થતો નથી ?
(અ) સોમીલાય (બ) જિબૂતી
(ક) ઈથોપીયા (ડ) અલ્જીરીયા

૪ એસ્કિમોની કામધેનુ તરીકે કયું પ્રાણી ઓળખાય છે ?
(અ) પોલાર બીયર (બ) રેન્ડિયર
(ક) શીપ (ડ) યાર્ક

૫ વિશ્વનો સૌથી મોટો ટાપુ કયો છે ?
(અ) ગ્રીનલેન્ડ (બ) હોન્સુ
(ક) ઝાંઝીબાર (ડ) ફિલિપીન્સ

૬ તુલેગા જળધોધ કયા દેશમાં આવેલ છે ?
(અ) હંગેરી (બ) ઝિમ્બાબ્વે
(ક) દ. આફ્રિકા (ડ) ઘાના

૭ દક્ષિણી રહોડેશીયા એ કયા દેશનું પ્રાચીન નામ છે?
(અ) ઈથોપીયા (બ) ઝિમ્બાબ્વે
(ક) સોમાલિયા (ડ) ઘાના

૮ એલ્બેટ્રોસ પક્ષી કયા મહાસાગરમાં જોવા મળે છે?
(અ) પેસેફીક મહાસાગર (બ) અરબી સાગર
(ક) રાતો સમુદ્ર (ડ) કાળો સમુદ્ર

૯ વિશ્વના કયા દેશમાં બધી ભાષાઓ માન્ય છે ?
(અ) વેટિકન સિટી (બ) આર્જેન્ટીના
(ક) ફ્રાન્સ (ડ) નેપાળ

૧૦ કયું શહેર વિશ્વનું ઘઉં બજાર તરીકે જાણીતું છે ?
(અ) કારાકાસ (બ) વિનિપેગ
(ક) સોફિયા (ડ) એન્ટવર્પ

૧૧ દુનિયામાં સૌથી ઓછી સીમા ધરાવતો દેશ કયો છે ?
(અ) વેટિકન સિટી (બ) આર્જેન્ટીના
(ક) જિબ્રાલ્ટર (ડ) ભૂતાન

૧૨ ધૌલાગીરી પર્વત શિખર કયા દેશમાં આવેલ છે ?
(અ) ભારત (બ) ચીન
(ક) નેપાળ (ડ) ભૂતાન

૧૩ આંતરરાષ્ટ્રીય ઓલેમ્પિક સમિતિનું મુખ્યાલય લુસાન કયાં દેશમાં આવેલું છે ?
(અ) ફ્રાન્સ (બ) જર્મની
(ક) પોર્ટુગલ (ડ) સ્વિત્ઝર્લેન્ડ

૧૪ વિશ્વ મૌસમ વિજ્ઞાન સંગઠનનું મુખ્યાલય કયાં આવેલું છે ?
(અ) શિકાગો (બ) લંડન
(ક) જીનીવા (ડ) હેનોઈ

૧૫ ઈંગ્લીશ ચેનલથી ઈંગ્લેન્ડ અને બીજો કયો દેશ અલગ પડે છે ?
(અ) વેલ્સ (બ) સ્કોટલેન્ડ
(ક) ફ્રાન્સ (ડ) બેલ્ઝીયમ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૫ જાન્યુઆરી : રાષ્ટ્રીય મતદાર દિવસ/આંતરરાષ્ટ્રીય ઉત્પાદન દિવસ આંતરરાષ્ટ્રીય સમાકર દિવસ**
  - મધર ટેરેસાને 'ભારત રત્ન' એવોર્ડથી નવાજવામાં આવ્યા (૧૯૮૦)
  - ગાંધીજીના અનુયાયી અને 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા'નું તંત્રી તરીકે સેવા આપનાર સ્વામી આનંદ (હિંમતલાલ દવે)નું નિધન (૧૯૭૬)
  - રાષ્ટ્રભક્ત સાહિત્યકાર અશ્વિનીકુમાર દત્તનો જન્મ (૧૮૫૬)
- **૨૬ જાન્યુઆરી : પ્રજાસત્તાકદિન**
  - શીતળાની રસીના શોધક ડૉ. એડવર્ડ જેનરનું નિધન (૧૮૨૩)
  - ઈલેકટ્રોનિક્સ ક્ષેત્રે નામના મેળવનારા 'સોની કોર્પોરેશન'ના સ્થાપક તથા પ્રથમ ટેપરેકોર્ડર તથા મીની રેડિયો બનાવનારા વૈજ્ઞાનિક અકિયો મોરિટાનો જન્મદિવસ (૧૯૨૧)
  - કવિ કલાપીની જન્મજયંતિ (૧૮૭૪)
  - ગુજરાતના કચ્છમાં આવેલ ભયાનક ભૂકંપ (૨૦૦૧)
- **૨૭ જાન્યુઆરી :**
  - પ્લેગના દર્દીઓની સેવા કરનાર સુવર્ણ ચંદ્રક વિજેતા કૃષ્ણલાલ ત્રિવેદીનું નિધન (૧૯૫૦)
  - મહાન ક્રાંતિકારી નેતા માનવેન્દ્ર નાથનું નિધન (૧૯૫૪)
  - પૂર્વ રાષ્ટ્રપતિ આર. વેન્કટરામનની પુણ્યતિથિ (૨૦૦૯)
  - પુનિ જીનવિજયની જન્મજયંતિ (૨૦૦૯)
- **૨૮ જાન્યુઆરી : વિશ્વકર્મા જયંતિ**
  - સ્વાતંત્ર્ય ચળવળના સેનાની લાલા લજપતરાયનો જન્મદિવસ (૧૮૬૫)
  - વૈજ્ઞાનિક ઓટ્ટો હોને પરમાણુ વિભાજનની શોધ કરી. (૧૯૩૯)
  - સ્વતંત્ર ભારતની સુપ્રીમ કોર્ટની સ્થાપના કરવામાં આવી (૧૯૫૦)
  - દેશની પ્રથમ આઈ.આઈ.ટી. કૉલેજની દિલ્હીમાં આધારશીલા મુકાઈ (૧૯૫૯)
- **૨૯ જાન્યુઆરી :**
  - ભારતીય કલા અને સંસ્કૃતિના પુરસ્કર્તા નોબેલ પારિતોષિક વિજેતા વિલિયમ રોધેન્સ્ટાઈનનો જન્મદિવસ (૧૮૭૨)
  - જયોતિ સંઘના નેજા હેઠલ સમાજ સેવા કરનાર ચારૂમતિ રામપ્રસાદ યોદ્ધાનું નિધન (૧૯૮૧)
  - શૂટીંગ ખેલાડી કર્નલ રાઠૌરનો જન્મદિવસ (૧૯૭૦)
  - ફ્રાન્સના સાહિત્યકાર રોમેન રોલાન્ડ (રોમેરોલા) નો જન્મદીવિસ (૧૮૬૬)
- **૩૦ જાન્યુઆરી : શહીદ દિવસ/વિશ્વ કસ્ટમ દિન/કૃષ્ઠરોગ નિવારણ દિવસ**
  - મહાત્મા ગાંધીની હત્યા ગોપાલ ગોડશેએ કરી (૧૯૪૮)
  - જર્મનીના રાષ્ટ્રપ્રમુખ પદે એડોલ્ફ હિટલરે શપથ લીધા (૧૯૩૩)
  - ફ્રેંકલીન ડી રૂઝવેલ્ટની જન્મજયંતી (૧૮૮૨)
- **૩૧ જાન્યુઆરી :**
  - રૂપેરી પડદાની સિંગર સુરૈયાનું નિધન (૨૦૦૪)
  - જયશંકર સુંદરીની જનમજયંતી (૧૮૮૯)
  - મહંમદ ગઝનવીએ સોમનાથ પર હુમલો કરી લૂંટ ચલાવી (૧૦૨૫)
  - કવિ મકરંદ દવેની પુણ્યતિથિ (૨૦૦૫)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સીબીઆઈના કયા વિવાદાસ્પદ ઉચ્ચ અધિકારીએ સરકારી નોકરીમાંથી રાજીનામુ આપ્યું? જવાબ : આલોકકુમાર વર્મા**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર
(૩) મૂળજીભાઈ પરમાર : સે-૭બી (૪) હાર્દિક ભટ્ટ : સે-૨૪
(૫) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬બી (૬) મહેશ એમ. જાદવ : (ગૂ. વિદ્યાપીઠ)
(૭) યશવંતકુમાર એસ. પ્રજાપતિ : સે-૨૬ (૮) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**તાજેતરમાં યુરોપના કયા દેશમાં પેટ્રોલના ભાવ વધારા મુદ્દે લોકો હિંસક આંદોલન પર ઉતરી આવ્યા હતા?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# હે દેવી ! સંસારની દરેક સ્ત્રી તમારું સ્વરુપ છે



અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



**પોષીપૂનમનું મહત્ત્વ માતૃ મહિનાની દૃષ્ટિએ બે રીતે છે :**

**(૧) આ તિથિ આરાસુરી અંબાના પ્રાગટ્યની તિથિ છે.**

**(૨) આ પૂનમ શાકંભરી પૂનમ છે. પોષ સુદ આઠમથી શાકં ભરી નવરાત્રિનો પ્રારંભ થાય અને પૂનમને દિવસે એનું સમાપન થાય.**

**એકવાર પૃથ્વી ઉપર અનાવૃત્તિ થઈ. લાંબો સમય વરસાદ થવો જ નહિ. સચરાચરમાં ભૂખમરો થયો. ત્યારે માતા એ પરમકૃપાથી પ્રેરાઈનો, પોતાના અસ્તિત્વમાંથી જ શાક વગેરેનું નિર્માણ કર્યું અને વરસાદ શરૂ થયો ત્યાં સુધી આ નિર્માણ ચાલુ રાખ્યું. સૃષ્ટિનું આ રીતે ભરણપોષણ ક્યું. આથી એ શાર્કભરી કહેવાયા. આમાં દુર્ગમ નામનો અસુર વિઘ્નો સર્જતો હતો. તેથી દેવીએ એનો વધ કર્યો. ત્યારથી શાકંભરી દુર્ગા નામે ઓળખાયાં. આ ઉપકારનું ઋણ ચૂકવવા શાકંભરી નવરાત્રિ પોષ સુદ આઠમથી પૂનમ સુધી ચાલુ થયા.**

**આવી જ રીતે અસુરરાજ શંભુના ત્રાસમાંથી દેવી નારાયણીએ દેવોને મુક્ત કર્યા. આથી દેવો આભારવશ થઈને દેવી પાસે આવ્યા અને ઈન્દ્ર વગેરે દેવો નારાયણીની સ્તુતિ કરવા લાગ્યા. એ રીતે આ નારાયણી સ્તુતિ છે.**

**'હે દેવી ! તમે જ સચરાચર જગતના અધી ભરી છો. સમસ્ત જગતની માતા છો. શરણે આવેલાની પીડા તમે જ હરો છો. જગતનો એકમાત્ર આધાર છો. પૃથ્વીના રૂપમાં તમે સ્થિર થયા છો. જળના રૂપમાં તમે તરસ છીપાવો છો. સમસ્ત વિદ્યાનો તમારાં જ ભિન્નાભિન્ન સ્વરુપો છે. જગતમાં જેટલી સ્ત્રીઓ છે, તે દરેક તમારી જ મૂર્તિઓ છે. તમે જ સ્વર્ગ અને મોક્ષ અપાવો છો.'**

**બુદ્ધિ રૂપે તમે જ સૌના હૃદયમાં છો. હે નારાયણી! તમને નમસ્કાર. તમે તમામ પ્રકારનું મંગળ આપનારાં મંગલમયી દેવી છો. તમે સર્વ પ્રયોજનો સાધી આપનારા દેવી કલ્યાણી છો. શિવના પત્ની અને ગિરિરાજના પુત્રી છો. હે નારાયણા! તમને નમસ્કાર. સૃષ્ટિના સર્જન - પાલન-સંહારમાં નિમિત્તરૂપ છો. શરણે આવ્યા હોય, લાચાર હોય, પીડા ભોગવતા હોય - એ સૌનું ભલું કરવામાં રોકાયેલા છો. તમે જ બ્રાહ્મણી, પાર્વતી અને કૌમારી છો. મયૂર અને કૂકડાથી ઘેરાયેલા છો. તમે વારાહીરૂપમાં રહેલા કલ્યાણમય છો. તમને નમસ્કાર કાંઈકને કોઈક રૂપમાં તમે ત્રણેય લોકમાં રક્ષણમાં રોકાયેલા રહો છો. ઈન્દ્ર વૃત્રાસુરને હણતો હોય, પણ એની શક્તિનાં રૂપમાં તમે જ હો છો. હે નારાયણ! તમને નસસ્કાર તમે જ દુર્ગા છો. કાત્યાયની છો ભદ્રકાળી છો. માતા પોતાના પુત્રોને હલકાં કામોથી બચાવે છે. તમારો ઘંટનાદ અમને આ રીતે પણ બચાયે છે. તમે પ્રસન્ન રહો, તો અમારાં સઘળાં રોગો નાથ પામી જાય. તમારા શરણમાં આવે તેને આફતો આવતી નથી. વિદ્યાઓ માં અને શાસ્ત્રોમાં જે વર્ણનો છે, એ તમારાં જ છે. તમારા પ્રકારની આપત્તિઓમાં સાથે રહીને વિશ્વનું તમે પાલન કરો છો. હે દેવી ! અમે તમારાં ચરણોમાં છીએ. સૌ કોઈને વરદાન આપતા રહો.'**

**માર્કંડેયપુરાણમાં 'દુર્ગાસપ્તશતી'નો સમાવેશ છે. ભગવતી દુર્ગાના સાતસો શ્લોકો. આમાં તેર અધ્યાયો છે. એના અગિયારમાં અધ્યાયમાં આ 'નારાયણી સ્તુતિ' છે અને પાંત્રીસ શ્લોકમાં છે. આ નારાયણી સ્તુતિ એના ઉન્નત વિચારોને કારણે વિશિષ્ટ છે.**